ફિલ્મ શોનાં વિશેષ આકર્ષણ



તારક મહેતા કા ઉલ્ટા ચશ્માનાં કલાકાર
જેઠાલાલ (દિલીપ જોષી) તથા દયાભાભી (દિશા વાકાણી)

તથા સુપ્રસિધ્ધ હાસ્યકલાકાર
સાંઈરામ દવે



દ્વારા હળવી શૈલીમાં વિશેષ સંદેશ
સાથે કેન્સર અંગેની વિસ્તૃત જાણકારી

ફિલ્મ બાદ સરળ સવાલોનાં જવાબ આપી
ઈનામો જીતવાની સોનેરી તક..

આ કાર્યક્રમનું આયોજન વિનામૂલ્યે થાય છે.

જો તમે આ કાર્યક્રમનું આયોજન કરવા
ઇચ્છતા હો તો અમારી હેલ્પલાઇન પર સંપર્ક કરશો.


HWF Human Wellness Foundation
website : www.hwf-india.in
**હેડ ઓફિસ :** ડી-૭૦૭, ગણેશ મેરીડિયન, ગુજરાત હાઈકોર્ટની સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ
હેલ્પલાઇન : ૭૦ ૬૯૬૯ ૬૨૬૨, ઈમેલ : info @hwf-india.in
**બ્રાન્ચ ઓફિસ :** પશુપતિ કોટસ્પીન એલએલપી, દેત્રોજ રોડ, બલાસર, કડી
FOLLOW US ON


## કેન્સર જાગૃતિ અભિયાન

# આયુષ

સમાજમાં સર્વત્ર સ્વાસ્થ્ય જ્યોત પ્રગટાવી કેન્સર અને વ્યસન
જેવી ગંભીર સમસ્યા અંગે જાગૃતિ લાવવાનો દ્રઢ સંકલ્પ..



જાગશો જો **સમયસર..**
તો **કેન્સર**
પણ થઇ શકે છે **કેન્સલ**

| ફિલ્મ શો | "જીતુ ક્યારે જાગશે?" | "જાગ્યા ત્યારથી સવાર" | સમય : ૪૦ મિનીટ |

હેલ્પલાઇન : ૭૦ ૬૯૬૯ ૬૨૬૨

# આયુષ

Your ONE hour can save life..

Human Wellness Foundation
website : www.hwf-india.in

ઉપનિષદમાં કહ્યું છે કે શરીરનાં સ્વાસ્થ્યનું પાલન કરવું એ પ્રથમ કર્તવ્ય છે. કારણ કે મૃત્યુ થતા જ જીવનનાં દરેક ભોગ-ઉપભોગનો નાશ થાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)નાં આંકડા પ્રમાણે આપણાં દેશમાં "કેન્સર" રોગ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. વ્યસનો (તમાકુ, બીડી,સીગારેટ, દારૂ વગેરે)ને કારણે પુરુષોમાં મોં, ગળુ તથા ફેફસાનું કેન્સર થવાની શક્યતાઓ ખૂબ જ વધી જાય છે.સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશયનું કેન્સર સવિશેષ થાય છે. કેન્સર એટલે "કેન્સલ" આ પ્રકારની વિચારધારા જનમાનસમાં પ્રચલિત છે.

"કેન્સર"થી દર્દીને અનેક શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક મુશ્કેલીઓ આવે છે. **"કેન્સરનાં પ્રાથમિક તબક્કામાં જ સમયસર નિદાનથી સારવાર ખર્ચ ઘટે છે અને રોગમુક્ત થવાની શક્યતાઓ વધી જાય છે."** જેના માટે **HWF** પ્રેરિત કેન્સર જાગૃતિ અભિયાન "આયુષ" દ્વારા જનજાગૃતિનો માહિતીસભર કાર્યક્રમ આપનાં ઘરઆંગણે આયોજિત થનાર છે, તો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમારું હાર્દિક આમંત્રણ છે.

આ કાર્યક્રમમાં..

- કેન્સરની દરેકને સમજાય તેવી સરળ ભાષામાં માહિતી.
- ખૂબ જ ખ્યાતનામ કલાકારો દ્વારા હાસ્યસભર કાર્યક્રમ.
- કેન્સર સારવાર અને વ્યસનમુક્તિ કેન્દ્રની માહિતી પુસ્તિકા.
- સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાઓની જાણકારી.
- અંગદાન વિષે જાગૃતિ.

## કેન્સરની કેટલીક વાસ્તવિક્તાઓ..

- દર વર્ષે ૧૦ લાખથી વધુ કેન્સરનાં નવા દર્દીઓ ઉમેરાય છે.
- વર્ષે ૬ થી ૭ લાખ લોકો કેન્સરની ગંભીર બીમારીને કારણે મૃત્યુ પામે છે.
- કેન્સરનાં કુલ કેસો પૈકી ૪૦% કેન્સર તમાકુનાં કારણે થાય છે.
- અકસ્માતના કુલ મૃત્યુઆંક બાદ કેન્સરને કારણે થતું મૃત્યુ બીજા નંબરે છે.
- વર્ષ ૨૦૨૫માં કેન્સરનાં દર્દીની સંખ્યામાં પાંચ ગણો વધારો થવાની શક્યતા છે.

## જો કેન્સરનું નિદાન વહેલું, તો કેન્સર મટાડવું સહેલું..

- કેન્સરના સમયસર નિદાનથી સારવાર ખર્ચ ઘટે છે.
- પ્રાથમિક તબક્કામાં કેન્સરને ઝડપથી મટાડી શકાય છે.
- દર્દી અને તેનો પરિવાર ઘણીબધી હાડમારીઓથી બચી જાય છે.
- કેટલાક પ્રાથમિક પરિક્ષણો અને સાવચેતી ગંભીર પરિણામોને રોકે છે.

## કેન્સરના કેટલાક શારીરિક લક્ષણો

- શરીરમાં ક્યાંય પણ દુ:ખાવા વગરની ગાંઠ ઉપસી આવવી.
- ખોરાક કે પ્રવાહી પદાર્થો ગળવામાં તકલીફ થવી.
- મોં માં એક જગ્યાએ દુ:ખાવા વગરની ચાંદી પડવી અને રુઝ ન આવવી.
- શરીરમાંથી રક્તસ્ત્રાવ થવો. તેમાં પણ પેશાબમાં કે ઝાડામાં લોહી આવવું.
- શરીરનાં કોઈપણ ભાગમાં કાયમી અને ન રુઝાતું ચાંદુ હોવું.
- સ્ત્રીઓને યોનિમાંથી દુર્ગંધવાળું પ્રવાહી આવવું અને માસિક સમય સીવાય લોહી આવવું.







